# ડાકોર નગર તરફ જતા માર્ગો સ્વચ્છ રાખવા 400 જેટલા કર્મચારી તૈનાત

**રાસ્કાથી** સેવાલિયા સુધીના મુખ્ય માર્ગો પર સઘન સફાઈ

(પ્રતિનિધિ) ડાકોર તા.1

પવિત્ર યાત્રાધામ ડાકોર તરફ જતા જિલ્લાના માર્ગો હાલ પદયાત્રીઓ અને સેવા શિબિરોથી જીવંત બન્યા છે. આગામી ફાગણી પૂનમ મેળામાં લાખોની સંખ્યામાં ઉમટી પડનારા શ્રદ્ધાળુઓની સુવિધા માટે અને માર્ગો પર સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ આયોજન હાથ ધર્યુ છે.

રાસ્કાથી ખાત્રજ, મહુધા, અલીણા થઈ ડાકોર અને ડાકોરથી સેવાલિયા સુધીના મુખ્ય માર્ગો પર પ્લાસ્ટિક કે અન્ય ગંદકી ન દેખાય તે માટે તંત્ર દ્વારા કમર કસવામાં આવી છે. આ કામગીરી માટે ગ્રામ પંચાયતના 200 ઉપરાંત અને ડાકોર તેમજ મહુધા નગરપાલિકાના 200 મળી કુલ 400થી વધુ સ્વચ્છતા કર્મીઓ સઘન સફાઈ કરી રહ્યા છે. સફાઈ કામદારોની સાથે સખી મંડળની બહેનો પણ આ સેવામાં જોડાઈ છે. સફાઈ માટે આધુનિક સાધનોની સાથે ઈ-રિક્ષાઓનો પણ મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

### રીયલ-ટાઇમ મોનિટરિંગ અને ટેકનોલોજીનો ઉપયોગ


આ કામગીરીમાં પારદર્શિતા અને ચોકસાઈ લાવવા માટે રીયલ-ટાઇમ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ડીઆરડીએના નિયામક લલિત પટેલે જણાવ્યું છે કે, દરેક કર્મચારીએ પોતાના નિયત સ્થળે હાજર રહીને કામગીરીના અહેવાલ અને ફોટોગ્રાફ્સ જિલ્લા કો-ઓર્ડિનેટર (SBM-G) ને મોકલવાના રહેશે, જેથી આખી વ્યવસ્થા સુચારૂ રીતે જળવાઈ રહે. તેમ જણાવ્યું હતું.

### અન્નનો બગાડ ન કરવા અપીલ



ખેડા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ પદયાત્રીઓ અને સેવાભાવી સંસ્થાઓને ખાસ વિનંતી કરવામાં આવી છે કે, ભાવિકોની લાગણીનું માન જળવાય તે રીતે જરૂર પૂરતો જ નાસ્તો કે ભોજન લેવું અને અન્નનો બગાડ ન થાય તેનું ધ્યાન રાખવું. વધુમાં, મેળાના માર્ગોને સ્વચ્છ રાખવામાં સહયોગ આપવા અને કચરો માત્ર નિયત કરેલી જગ્યાએ જ નિકાલ કરવા નમ્ર અપીલ કરવામાં આવી છે.

### રણછોડરાય મંદિર દૂધિયા રોશનીમાં ઝળહળ્યું, 3 કિમી દૂરથી દેખાય છે ભવ્ય નજારો



ફાગણ ઉત્સવ નિમિત્તે ડાકોરના રણછોડજી મંદિરને અત્યાધુનિક સારપિયન લાઈટોથી સજાવવામાં આવ્યું છે, જેના કારણે રાત્રિના સમયે સમગ્ર મંદિર પરિસર દૂધિયા રોશનીમાં ન્હાઈ ઉઠ્યું છે. મંદિરના શિખર પર કરવામાં આવેલી આ ભવ્ય રોશની એટલી પ્રભાવશાળી છે કે શ્રદ્ધાળુઓને ૩ કિલોમીટર દૂરથી પણ મંદિરનો મનમોહક નજારો જોવા મળી રહ્યો છે, જે દર્શન માટે આવતા પદયાત્રીઓમાં ભારે આકર્ષણ અને ઉત્સાહ જગાવી રહી છે.

# ડાકોરમાં આઈજીએ સુરક્ષા વ્યવસ્થાનો તાગ મેળવ્યો



(પ્રતિનિધિ) ડાકોર, તા.1

ડાકોરમાં સુરક્ષા વ્યવસ્થાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રેન્જ આઈજી વિધિ ચૌધરી અને ખેડા જિલ્લા પોલીસ વડા વિજય પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓએ રણછોડરાયજીના દર્શન કરી સમગ્ર વ્યવસ્થાની રૂબરૂ સમીક્ષા કરી હતી. આ નિરીક્ષણ દરમિયાન ડીવાયએસપી અને એલસીબી પીઆઈ સહિતનો પોલીસ કાફલો પણ સાથે રહ્યો હતો અને મંદિર પરિસરમાં સુરક્ષા અંગે જરૂરી સૂચનાઓ આપી હતી. મેળામાં લાખોની સંખ્યામાં આવતા પદયાત્રીઓની સુવિધા માટે બેરિકેટિંગ, ટ્રાફિક નિયમન અને ઈમરજન્સી સેવાઓનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ખૂણે ખૂણેથી હાથમાં ધજા લઈ 'જય રણછોડ'ના નાદ સાથે આવતા ભક્તોની સુરક્ષા માટે ઠેર ઠેર પોલીસ પોઈન્ટ ઉભા કરાયા છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સતત પેટ્રોલીંગ અને સહાયતા કેન્દ્રો દ્વારા પદયાત્રીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

### ડાકોર રંગાયું રણછોડના રંગે | ગાયકોના સૂર રેલાતા પદયાત્રીઓ કૃષ્ણ ભક્તિમાં તરબોળ




ફાગણી ઉત્સવ-2026 અંતર્ગત આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં કચ્છની કોયલ ગીતા રબારીએ 'દ્વારકાનો નાથ મારો રાજા રણછોડ છે' જેવા ભજનોની રમઝટ બોલાવી પદયાત્રીઓનો થાક હળવો કર્યો હતો. ડાકોર ખાતે પદયાત્રીઓની સુવિધા અને મનોરંજન માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત સાંસ્કૃતિક સંધ્યામાં સીદી ધમાલ અને કૃષ્ણ વંદના જેવી પ્રસ્તુતિઓએ આકર્ષણ જમાવ્યું હતું. મંત્રી રમણભાઈ સોલંકીએ રાજા રણછોડના જયઘોષ સાથે કાર્યક્રમ ખુલ્લો મૂક્યો હતો, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતાં. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં લોકગાયિકા ગીતા રબારીના સુમધુર કંઠે ગવાયેલા ગરબા અને ભજનો પર ભાવિકો મન મૂકીને ઝૂમ્યા હતાં. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સીદી ધમાલ, મોરલડી નૃત્ય અને ડાકોર મંદિરની મહાઆરતીની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા, ઠાસરા ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર, કલ્પેશભાઈ પરમાર, કલેક્ટર અમિત પ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર વિગેરે હાજર રહ્યા હતા.

### શ્રદ્ધાળુઓના સ્વાસ્થ્યની સુરક્ષા

# ફૂડ વિભાગે 37 એકમમાં તપાસ કરી નમૂના લીધાં

**ડાકોર તરફ** આવતા તમામ માર્ગો પર ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ દ્વારા 210 સ્પોટ ટેસ્ટિંગ કર્યું

(પ્રતિનિધિ) ડાકોર તા.1

ડાકોરના સુપ્રસિદ્ધ ફાગણોત્સવ 2026 નિમિત્તે ઉમટી પડતા લાખો શ્રદ્ધાળુઓને શુદ્ધ, સ્વચ્છ અને સુરક્ષિત ખોરાક મળી રહે તે હેતુથી ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. 'સ્વચ્છતા, સુરક્ષા અને જનજાગૃતિ'ના સફળ સંકલ્પ સાથે વહીવટી તંત્ર દ્વારા ડાકોર શહેર સહિત પદયાત્રીઓના તમામ મુખ્ય માર્ગો પર સતત દેખરેખ અને તપાસની કામગીરી કરવામાં આવી રહી છે, જેથી ઉત્સવ દરમિયાન આરોગ્યપ્રદ વાતાવરણ જળવાઈ રહે. ડાકોરમાં ફાગણોત્સવના પર્વને ધ્યાને રાખીને ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા 21મી ફેબ્રુઆરીથી વિશેષ તપાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. 27મી ફેબ્રુઆરી સુધીમાં ડાકોર શહેરની હોટલો, રેસ્ટોરન્ટો તેમજ મીઠાઈ અને પ્રસાદીના 37 જેટલા એકમોમાં વ્યાપક તપાસ હાથ ધરી 37 ફોર્મલ નમૂના લેવામાં આવ્યા છે.

બાદમાં 28મી ફેબ્રુઆરીએ શ્રદ્ધાળુઓના ધસારાને જોતા રાસકા-ડાકોર, સેવાલિયા-ડાકોર અને નડિયાદ-ડાકોર જેવા મુખ્ય માર્ગો પર કાર્યરત 60 જેટલી સેવા કેમ્પો/કંપનીઓની પણ તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન રાહતની વાત એ છે કે તમામ સ્થળોએ સ્વચ્છતાની સ્થિતિ સંતોષકારક મળી આવી છે.

# વડતાલધામમાં કાલે ભવ્ય ફૂલદોલ ઉત્સવ ઉજવાશે

**રંગોત્સવમાં** 50 હજાર ભક્તો ઉમટી પડશે

(પ્રતિનિધિ) આણંદ તા.1

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની ગણાતા વડતાલધામમાં 3જી માર્ચ, 2026ને મંગળવારના રોજ ફાગણી પૂનમ નિમિત્તે દિવ્ય રંગોત્સવ અને ફૂલદોલ ઉત્સવ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવશે. આ મહોત્સવમાં દેશ-વિદેશમાંથી અંદાજે 50 હજાર જેટલા ભક્તો ઉમટી પડી રંગોત્સવનો દિવ્ય લાભ લેશે.

વડતાલ મંદિરના ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, ભગવાન શ્રી સ્વામિનારાયણને રંગોત્સવ અત્યંત પ્રિય હતો અને તેમણે કુલ 31 સ્થળોએ આ ઉત્સવ ઉજવ્યો હતો, જેમાં વડતાલનો રંગોત્સવ સમગ્ર સંપ્રદાયમાં શિરમોર અને એક અવિરત પરંપરા બની ગયો છે. ઐતિહાસિક વિગતો મુજબ, સંવત 1872માં વડતાલના જ્ઞાનબાગમાં ભગવાન શ્રીહરિ નંદ સંતો સાથે મનભરીને રંગે રમ્યા હતાં. તે સમયે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ તૈયાર કરેલા 12 બારણાના હિંડોળામાં ભગવાન શ્રીહરિએ એકસાથે 12 સ્વરૂપે દર્શન આપી પોતાનું પરમેશ્વરપણું પ્રગટ કર્યું હતું.

આ ઐતિહાસિક પ્રસંગને આ વર્ષે 210 વર્ષ પૂર્ણ થતા હોવાથી વડતાલ મંદિર દ્વારા 210મો ફૂલદોલ ઉત્સવ વિશેષ ધામધૂમથી ઉજવવાનું નક્કી કરાયું છે. આ એક દિવસીય સમૈયાના આયોજક તરીકે ચેરમેન ડો. સંતસ્વામી અને મુખ્ય કોઠારી દેવપ્રકાશસ્વામી સેવા આપી રહ્યા છે, જ્યારે સમગ્ર ઉત્સવની વ્યવસ્થા શ્યામવલ્લભસ્વામી સંભાળી રહ્યા છે.

### અશાંતધારાની બે અરજીના હકારાત્મક અભિપ્રાય માટે 40 હજારની માંગણી કરી હતી

# ખંભાતમાં 30 હજારની લાંચ લેતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર પકડાયાં

**એન્ટી** કરપ્શન બ્યૂરોએ છટકું ગોઠવી લાંચ લેતા પકડી પાડ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.1

ખંભાતના લાલ દરવાજા પોલીસ ચોકીના પોલીસ સબ ઈન્સ્પેક્ટર પંકજ પરસોત્તમભાઈ પટેલને 30 હજારની લાંચ લેતા એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. અશાંતધારા હેઠળની મિલકત ટ્રાન્સફરની અરજીઓ પર હકારાત્મક અભિપ્રાય આપવાના બદલામાં આ લાંચની માંગણી કરવામાં આવી હતી, જેના પગલે સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર જાગી છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, એક અરજદારે અશાંતધારા હેઠળ મિલકત ટ્રાન્સફર કરવા માટે બે અલગ-અલગ અરજીઓ કરી હતી. આ અરજીઓ અંગે હકારાત્મક અભિપ્રાય આપવા માટે PSI પંકજ પટેલે દરેક અરજી દીઠ રૂ.20 હજાર લેખે કુલ રૂ.40 હજારની લાંચની માંગણી કરી હતી. જોકે, રકઝકના અંતે 30 હજાર આપવાનું નક્કી થયું હતું.

જોકે, અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ મામલે એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે લાલ દરવાજા પોલીસ ચોકી પાસે છટકું ગોઠવ્યું હતું.

જ્યારે પોલીસ સબ ઈન્સ્પેક્ટર પંકજ પટેલ અરજદાર પાસેથી 30 હજારની લાંચ સ્વીકારી રહ્યા હતા, ત્યારે જ એન્ટી કરપ્શન બ્યુરોએ તેમને દબોચી લીધા હતા. આ અંગે એન્ટી કરપ્શન બ્યુરોએ ગુનો નોંધી પંકજ પટેલની અટકાયત કરી છે અને તેમની મિલકતો અંગે વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, ખંભાત શહેર પોલીસ દ્વારા અશાંતધારાની અરજીઓ માટે અરજદારો પાસેથી રૂ.30 હજારથી 50 હજાર જેટલી રકમ પડાવવામાં આવતી હોવાની ફરિયાદો અગાઉ પણ ઉઠી ચૂકી છે. 15,000ના દસ્તાવેજ સામે પોલીસ દ્વારા મોટી રકમ માંગવામાં આવતી હોવાની ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે.

# સિક્યુરિટી ગાર્ડ્સ પર ચાર શખ્સોનો જીવલેણ હુમલો

**કંપનીના** નિયમ મુજબ દારૂ પીધેલા ડ્રાઈવરને આલ્કોહોલ ટેસ્ટ માટે અટકાવતા માથાકૂટ થઇ

(પ્રતિનિધિ) નડિયાદ તા.1

માતર તાલુકાના લીંબાસી સીમમાં માલાવાડા ચોકડી પાસે આવેલી એક ખાનગી કંપનીમાં ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડ્સ પર ડ્રાઈવર અને તેના સાથીદારોએ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે.

લીંબાસી માલાવાડા ચોકડી પાસે આવેલી કેજી ફ્લેક્સ કંપનીમાં દશરથકુમાર પરાણીયા અને ઉત્તમરામ ઓખારામ સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. ગત રાત્રિના સમયે ભરત કરશન ભરવાડ નામનો ડ્રાઈવર આઈશર ગાડી લઈને મટીરીયલ ભરવા માટે કંપનીમાં આવ્યો હતો. કંપનીના ગેટ પર ફરજ બજાવતા ગાર્ડ દ્વારા નિયમ મુજબ આલ્કોહોલ ટેસ્ટરથી તપાસ કરવામાં આવતા ડ્રાઈવર સુરેશ ભરવાડ દારૂ પીધેલી હાલતમાં જણાયો હતો. આથી ગાર્ડ્સ દ્વારા તેને ગાડી થોભાવી દેવા જણાવાતા ડ્રાઈવર ઉશ્કેરાઈ ગયો હતો.

આ બનાવ બાદ બીજા દિવસે સવારે સિક્યુરિટી ગાર્ડ ઉત્તમરામ અને તેના સાથીદારો પોતાના રૂમમાં સૂઈ રહ્યા હતા ત્યારે અદાવત રાખી ભરત કરસન ભરવાડ, સુરેશ ભરવાડ, સુનિલ તેમજ રણછોડ ભરવાડ ત્યાં ધસી આવ્યા હતા. આ ચારેય શખ્સોએ ભેગા મળીને સિક્યુરિટી ગાર્ડ્સ પર હુમલો કર્યો હતો. આ અંગે દશરથભાઈ પરાણીયાની ફરિયાદના આધારે લીંબાસી પોલીસે ચારેય હુમલાખોરો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ડાયાલિસિસના દર્દીની વધતી સંખ્યા વચ્ચે તબીબો માટે ખાસ ' માસ્ટર ક્લાસ '

**આધુનિક** એન્ડોવાસ્ક્યુલર પ્રોસિજર અંગે ત્રિ-દિવસીય વર્કશોપનું આયોજન

(પ્રતિનિધિ) નડિયાદ તા.1

મેડિકલ ક્ષેત્રે કિડનીની બીમારી અને ડાયાલિસિસની જરૂરિયાત ધરાવતા દર્દીઓની સંખ્યામાં થઈ રહેલા સતત વધારાને પહોંચી વળવા માટે હવે તબીબો પણ આધુનિક ટેકનોલોજીથી સજ્જ થઈ રહ્યા છે. નડિયાદની ખ્યાતનામ મૂળજીભાઈ યુરોલોજિકલ હોસ્પિટલ અને મહાગુજરાત હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ડાયાલિસિસ તેમજ એન્ડોવાસ્ક્યુલર પ્રોસિજર અંગે વિશેષ ત્રિ-દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક કાર્યક્રમમાં ભારતભરમાંથી યુરોલોજી અને નેફ્રોલોજી ક્ષેત્રના ૩૦ થી વધુ તજજ્ઞો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જટિલ બ્લોકેજ દૂર કરવાની ટેકનિક પર અપાયું ભાર મહાગુજરાત હોસ્પિટલ ખાતે યોજાયેલી આ કોન્ફરન્સમાં વાસ્કુલર સર્જન ડોક્ટર બીરજુ શાહ દ્વારા એન્ડોવાસ્ક્યુલર પ્રોસિજર્સ વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને ડાયાલિસિસ માટે બનાવવામાં આવતા 'એક્સેસ'માં જ્યારે બ્લોકેજની સમસ્યા સર્જાય, ત્યારે તેનું સચોટ નિદાન કેવી રીતે કરવું અને બ્લોક થયેલી નળીઓને કઈ તકનીકથી ખોલવી તે અંગે પ્રાયોગિક સમજ પૂરી પાડવામાં આવી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ ડાયાલિસિસના દર્દીઓની જટિલ સારવાર વધુ ચોકસાઈપૂર્વક કરવાનો રહ્યો છે.

નિષ્ણાત તબીબોની વધતી માંગને પહોંચી વળવા પ્રયાસ આ પ્રસંગે ડોક્ટર હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, ડાયાલિસિસના પેશન્ટો વધતા હોવાથી કુશળ અને તાલીમબદ્ધ ડોક્ટરોની અનિવાર્યતા ઊભી થઈ છે. આ જરૂરિયાતને ધ્યાને રાખીને જ આ ૩ દિવસીય ટ્રેનિંગનું આયોજન કરાયું હતું, જેથી તબીબો જટિલ ઓપરેશનો વધુ સારી રીતે કરી શકે. આ કાર્યક્રમમાં કુલ ૫ જેટલી વિવિધ ફેકલ્ટીઓ દ્વારા તાલીમાર્થીઓને સૈદ્ધાંતિક અને પ્રેક્ટિકલ જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. નડિયાદમાં



આયોજિત આ રાષ્ટ્રીય સ્તરની કોન્ફરન્સ તબીબી જગત માટે આધુનિક પાસાઓ સમજવા માટે આશીર્વાદરૂપ સાબિત થશે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225